# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) કચ્છમાં આગામી સમયમાં રણ પ્રવાસન સર્કિટ વિકસાવાશે. ધોરડોના સફેદ રણમાં મધ્યમવર્ગીય પરિવારોને પોષાય તેવી ટેન્ટસિટી બનાવવાની રાજ્ય સરકારની જાહેરાત
2) કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતથી સેમીકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ માટેના રાજ્યના પ્રથમ આઉટ સોર્સ્ડ પ્લાન્ટનો આરંભ કરાવ્યો
3) ખ્યાતિ હોસ્પિટલમાં બે દર્દીઓના મોતના કેસમાં ઝડપાયેલી આરોપી રાજશ્રી કોઠારીને દસ દિવસના રિમાન્ડ ઉપર
4) ઉંઝા APMCની 10 ખેડૂતોની અને 4 વેપારી બેઠકો માટે આજે ચૂંટણી યોજાશે
5) રાજ્યમાં ઠંડીમાં સામાન્ય ઘટાડા વચ્ચે બે દિવસ દરમિયાન કચ્છમાં શીતલહેરની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM DHORDO

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કચ્છમાં પ્રવાસનને વધુ વેગ આપવા આગામી સમયમાં રણ પ્રવાસન સર્કિટ વિકસાવવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીએ ગઇકાલે ધોરડોના સફેદ રણની ઔપચારિક મુલાકાત દરમિયાન એક કાર્યક્રમને સંબોધતા જણાવ્યુ હતું કે, રણોત્સવમાં આવતા પ્રવાસીઓ માતાના મઢ, કાળો ડુંગર, નારાયણ સરોવર, માંડવી જેવા અન્ય સ્થાનોની પણ મુલાકાત લઈ શકાય તે માટે તેને જોડતી બસ સેવાઓ ધોરડોથી શરૂ કરીને સમગ્રતયા રણ પ્રવાસન સર્કિટ આવનારા સમયમાં બનાવવાની રાજ્ય સરકારની નેમ છે.

## બાઇટ મુખ્યમંત્રી

આ પ્રસંગે, ધોરડોના સફેદ રણ ખાતે મધ્યમવર્ગીય પરિવારો માટે આગામી વર્ષ સુધીમાં 54 કરોડ રૂપિયાના ખર્ચે 460 ટેન્ટની સુવિધા ઊભી કરાશે તેવી જાહેરાત રાજ્યના પ્રવસાન મંત્રી મુળુભાઇ બેરાએ કરી હતી.

## બાઇટ- મૂળુભાઇ બેરા, પ્રવાસન મંત્રી

આ પ્રસંગે મુખ્યમંત્રીએ ભારતીય પોસ્ટલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા "રણોત્સવ" થીમ આધારિત નવીન વિશેષ પોસ્ટલ કવરનું મુખ્યમંત્રીએ અનાવરણ કર્યું હતું. ગત અગિયારમી નવેમ્બરથી રણોત્સવનો વિધિવત આરંભ થઇ ચૂક્યો છે જે 15મી માર્ચ 2025 સુધી યોજાશે .

---------------------------------------------------------------------

- અપર્ણા –હર્ષલ પંડ્યા, પી ટી સી કચ્છ અને માહિતી ખાતું

, NAVIN

# SEMICONDUCTOR PLANT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ગઇકાલે સુરતથી સેમીકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ માટેના રાજ્યના પ્રથમ આઉટ સોર્સ્ડ પ્લાન્ટનો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે સી આર પાટીલે ઈલેક્ટ્રોનિક ઉત્પાદન માટે સૌથી અગત્યનું રો-મટીરીયલ ગણાતા સેમી કન્ડક્ટર ઉત્પાદનનું ગુજરાત વૈશ્વિક કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(બાઇટ- સી.આર.પાટીલ, કેન્દ્રીય જળશક્તિમંત્રી)

સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે સુરતની સૂચિ સેમિકોન દ્વારા પલસાણા તાલુકાના બગુમરા ખાતે ૮૪૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે સ્થાપવામાં આવેલા આ પ્લાન્ટમાં ઈલેક્ટ્રોનિક ચીપ્સનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટમાં પ્રતિદિન ત્રણ લાખ સેમીકન્ડક્ટર ચીપ્સનું ઉત્પાદન થશે.

---------------------------------------------------------------------

- APARNA KHUNT, NAVIN

# KHYATIKAND

ખ્યાતિકાંડ કેસના આરોપી રાજશ્રી કોઠારીને અમદાવાદની ગ્રામ્ય કોર્ટે દસ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

ખ્યાતિ મલ્ટી હોસ્પિટલના ડાયરેક્ટર રાજશ્રી કોઠારીની 32 દિવસ બાદ અમદાવાદની ગુનાશોદક શાખાએ શનિવારે રાજસ્થાનથી ધરપકડ કરી હતી. પોલીસે આ કેસમાં વધુ તપાસ કરવા માટે દસ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. બંને પક્ષોના વકીલોએ દલીલો કરી હતી. અંતે અમદાવાદની ગ્રામ્ય કોર્ટે દસ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

--------------------------------------------------------------------

- PTC-AHMEDABAD, AJAY SIR, SONAL, NAVIN

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ ગઇકાલે ભાવનગર શહેરમાં 150 કરોડના 11 વિકાસકામોનું ખાતમુહુર્ત અને બે કરોડના કામનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે, આ વિવિધ વિકાસ કામોથી ભાવનગર શહેરના લોકોની સુખાકારીમાં વધારો થશે.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે વિકાસકામોના લોકાર્પણ બાદ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ રાજ્યના પ્રથમ ગ્રેઇન ATM અને સર. ટી. હોસ્પિટલમાં તૈયાર થયેલા સુપર સ્પેશ્યાલીટી વિભાગની મુલાકાત લીધી હતી.

---

- APARNA KHUNT, NAVIN

# NATIONAL CHEMICAL CONCLAVE

અમદાવાદમાં આજે નેશનલ કેમિકલ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત કેમિકલ એસોસિએશન દ્વારા આયોજિત આ કાર્યક્રમ અંગે પ્રસ્તુત છે એક અહેવાલઃ

## BYTE SCRIPT

*આજે અમદાવાદમાં ગુજરાત કેમિકલ એસોસિએશન દ્વારા એક દિવસનાં નેશનલ કેમિકલ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે.*

*આ કાર્યક્રમ કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગને આ ક્ષેત્રનાં પડકારો પર ચર્ચા કરવા મંચ પૂરો પાડશે અને ગુજરાતને વૈશ્વિક કેમિકલ હબ બનાવવા કેવાં પગલાં લઈ શકાય તે ચકાસવાની તક આપશે.*

*આ કોન્કલેવમાં ગુજરાત કેમિકલ એસોસિએશન, કચ્છ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ અને ગુજરાત વેપાર ઉદ્યોગ મહામંડળ, ઇન્ડિયન ડાયસ્ટફ મેન્યુફેકચરર્સ એસોસિએશન-IDMAના અગ્રણીઓ ઉપરાંત રાજ્યની અગ્રણી કેમિકલ અને ફાર્મા કંપનીઓના વડાઓ ઉપરાંત એમએસએમઇ એકમોના પ્રતિનિધીઓ, સંશોધકો અને નીતિ ઘડવૈયાઓ પણ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, કેમિકલ અને ફાર્મા ઉદ્યોગનાં ભાવિ પર વિશેષ સત્ર અને સાતત્યપૂર્ણ વૃધ્ધિ માટેનાં પડકારો પર પેનલ ચર્ચા તથા B2B મિટિંગ યોજાશે.*

---

- -અનિલ પટેલ, સમાચાર વિભાગ, આકાશવાણી અમદાવાદ

, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

.........................................

# UNJHA APMC ELECTION

ઉંઝા કૃષિ ઉત્પાદન બજાર સમિતિ APMC ની 10 ખેડૂતોની અને 4 વેપારી બેઠકો માટે આજે ચૂંટણી યોજાશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ....

(વોઇસ કાસ્ટ – અજય ઇન્દ્રેકર)

*એશિયાની પ્રખ્યાત ઉંઝા APMC ની ચૂંટણીમાં ભારે રસાકસી જોવા મળી રહી છે. ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે ખેડૂત વિભાગમાં 10 બેઠકો માટે 20 અને વેપારી વિભાગમાં 4 બેઠકો માટે 16 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.*

*ભારતીય જનતા પાર્ટીએ ઉંઝા APMC ની ચૂંટણીમાં મેન્ડેડ આપતા APMC ના પૂર્વ ચેરમેન દિનેશ પટેલ અને ઉંઝાના ધારાસભ્ય કે.કે.પટેલ વચ્ચે ચૂંટણી જંગ જામ્યો છે. બંને જૂથો ચૂંટણીમાં વિજય મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે.*

*ભારતીય જનતા પાર્ટીએ ખેડૂત વિભાગમાં 10 અને વેપારી વિભાગમાં 4 ઉમેદવારોને મેન્ડેડ આપ્યો છે. અજય ઇન્દ્રેકર સમાચાર વિભાગ, અમદાવાદ*

---

- NDMS, AJAY SIR, SONAL, NAVIN

# WEATHER

રાજ્યમાં ઠંડીનું જોર સામાન્ય ઘટ્યુ છે. જોકે આગામી બે દિવસ દરમિયાન કચ્છમાં શીતલહેર પ્રસરે તેવી હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે.

હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલી સત્તાવારા માહિતી અનુસાર ગઇકાલે નલિયાનું તાપમાન 6.2 ડીગ્રી નોંધાયુ હતુ જે રાજ્યમાં સૌથી ઓછુ તાપમાન રહ્યું હતું. જ્યારે દાહોદ 8.2 અને ડિસામાં 8.9 ડિગ્રી તાપમાન રહ્યું હતું. રાજ્યમાં આઠ સ્થળોએ તાપમાનનો પારો બાર ડિગ્રી કરતાં નીચો રહ્યો હતો. અમદાવાદમાં 13.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.. હવામાન વિભાગે અમદાવાદમાં આગામી ત્રણ દિવસ દરમિયાન તાપમાન 15 ડિગ્રીની આસપાસ રહે તેવી સંભાવના વ્યક્ત કરી છે.

--------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા, NAVIN

# NARMADA - SOU

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. શનિ - રવિની બે દિવસની રજા હોવાથી 50 હજાર જેટલા પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા ઉમટી પડ્યા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓ માટે અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી હોવાથી પ્રવાસીઓ માટે આ જોવાલાયક સ્થળ બન્યું છે. અહીં જંગલ સફારીમાં વિવિધ પ્રકારના પ્રાણીઓ જોઇને બાળકો સહિત પ્રવાસીઓ આનંદિત થાય છે.

------------------------------------------------------------------------

- PTC-NARMADA-DIPAK JAGTAP, AJAY SIR,, SONAL , NAVIN

# PORBANDAR - ICONIC ROAD

પોરબંદરમાં 85 લાખના ખર્ચે આઇકોનીક રોડ બનાવવાની કામગીરી શરૂ થઇ છે. ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ ગઇકાલે આ કામગીરીનું ખાતમુહુર્ત કર્યું હતું. આઇકોનીક રોડની બંને બાજુએ સાઇડ ડેકોરેટિવ દિવાલ અને લાઇટો મુકવામાં આવશે. બ્રીજ ઉપર વોલ પેઇન્ટીંગ કરવામાં આવશે. રોડ પર આકર્ષક મૂર્તિઓ પણ મુકવામાં આવશે.

પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે પોરબંદરમાં આવેલી સ્મશાન ભૂમિ પાસેના શહીદ સ્મારક પાસે 45 લાખના ખર્ચે કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરીનું પણ ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.

---

- PTC-PORBANDAR-MAHESH LUKKA, AJAY SIR, SONAL, NAVIN